## ડાયરેક્ટ સે

માણસ
પોતાનો ઘમંડ
પોતાના સારા સમયમાં
બતાવે છે
પરંતુ એનું પરિણામ
તે ખરાબ સમયમાં
ભોગવે છે

## જન્મદિને વધામણી



ચિરાગ ગુણવંત ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬



જિજ્ઞેશકુમાર જીવણજી ઠાકોર
મો. ૮૧૪૧૬ ૫૬૨૨૯

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## શ્રેયાન દરજીએ ૧ મિનિટીમાં ૬૩ પુલઅપ્સ કરી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

ગાંધીનગર, તા. ૨૭

પંચમહાલમાં આવેલા હાલોલના યુવાન શ્રેયાન દરજીએ વિશ્વ વિક્રમ રચ્યો છે. ૧ મિનિટમાં ૬૩ પુલઅપ્સ કરવાનો વર્લ્ડ રેકોર્ડ રચ્યો છે. આ માટે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં શ્રેયાન દરજીનું નામ નોંધવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા ફ્લોરિડાના યુવાને ૧ મિનિટમાં ૫૫ પુલઅપ્સ કરવાનો રેકોર્ડ રચ્યો હતો. ગુજરાતના હાલોલના યુવકે એવું કારનામુ કર્યુ કે, શ્રેયાન દરજીનો આ રેકોર્ડ જોઈને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડના અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. તેણે ૬૦ સેકન્ડમાં ૬૩ જેટલા પુલઅપ્સ કર્યા હતા. તેમણે ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડનું સર્ટિફિકેટ પણ આપી દીધું હતું.

શ્રેયાન દરજીએ ફ્લોરિડાના યુવાનનો રેકોર્ડ તોડ્યો હતો. ફ્લોરિડાના યુવાને એક મિનીટમાં ૫૫ પુલઅપ્સનો રેકોર્ડ બનાવ્યો હતો. ત્યારે હવે આ રેકોર્ડ ગુજરાતના યુવાને પોતાના નામે કર્યો છે.

'રન ફૉર અવર સોલ્જર' શિર્ષક હેઠળ અમદાવાદ ખાતે અદાણી મેરેથોન યોજાઈ

# ગાંધીનગર રનર્સ ગૃપે હાફ મેરેથોન પૂર્ણ કરી




'રન ફૉર અવર સોલ્જર' શિર્ષક હેઠળ અમદાવાદ ખાતે અદાણી મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હાફ મેરેથોન (૨૧.૦૯૭ કિમી)માં દેશનાં શહેરોનાં ૪ હજાર દોડવીરો સાથે ગાંધીનગર રનર્સ ગૃપના સભ્યોએ પણ ઉત્સાહથી ભાગ લીધો હતો અને દોડ સફળતાપૂર્વક પૂર્ણ કરી ફિનીશરનો મેડલ પ્રાપ્ત કર્યોહતો.

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે

## 'ભ્રષ્ટાચાર મુક્ત ભારત' વિષયે નિબંધસ્પર્ધાનું આયોજન કરાયું

### એસબીઆઈ લાઈફ ઈન્શ્યોરન્સનું આયોજન ૨૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૭

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના પ્રાંગણમાં એસબીઆઈ લાઈફ ઈન્શ્યોરન્સ દ્વારા 'ભ્રષ્ટાચાર મુક્ત ભારતના નિર્માણમાં મારું યોગદાન' વિષયે શીઘ્ર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાયોન ચક્રબર્તી તથા તેમના સ્ટાફે ધો. ૮,૯ અને ૧૦ના કુલ ૨૫૦ વિદ્યાર્થીઓને સંબોધન કરતાં 'ભ્રષ્ટાચાર મુક્ત ભારતના અભિયાનમાં મારું યોગદાન' વિષયે પોતાના વિચારો અભિવ્યક્ત કર્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓને રાઈટિંગ પેડ, પૅન અને પેજ આપીને નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા, આચાર્ય યુવરાજસિંહ, શિક્ષકો અને મોટી સંખ્યામાં વાલીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. શોભનાબાએ મહેમાનોનો પરિચય આપ્યો હતો અને આભાર દર્શન કર્યું હતું. મોતીસિંહ સુરાવતે ઉદ્‌ઘોષક તરીકેની જવાબદારી અદા કરી હતી.

## ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થિનીઓ માઉન્ટ આબુ ખાતે ટ્રેકિંગ કૅમ્પમાં જોડાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થિનીઓ માઉન્ટ આબુ ખાતે ટ્રેકિંગમાં જોડાઈ હતી. ૨૭ વિદ્યાર્થિનીઓ સાથે સુપરવાઈઝર સંગીતાબેન અને મદદનીશ શિક્ષક મીનાક્ષીબેન પણ જોડાયાં હતાં. આ ટ્રેકિંગ દરમિયાન વિદ્યાર્થિનીઓ વન્યજીવો, વનસ્પતિ અંગે વિશદ માહિતી પ્રાપ્ત કરી હતી અને રૉક ક્લાઈમ્બિંગ ઉપરાંત ઝીપ લાઈનની મજા માણી હતી, રાત્રે કૅમ્પ ફાયરનો આનંદ પણ ઉઠાવ્યો હતો. માઉન્ટ આબુનાં જોવાલાયક સ્થળો પણ તેમણે નિહાળી તે અંગે માહિતી એકત્ર કરી હતી.

## બીબીએ કૉલેજ દ્વારા મુન્દ્રા બંદરની અભ્યાસ મુલાકાત



ગાંધીનગર, તા. ૨૭

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના ૧૧૬ વિદ્યાર્થીઓએ મુન્દ્રા પોર્ટની બે દિવસીય મુલાકાત લીધી હતી.

પ્રથમ દિવસે અદાણી પોર્ટ & SEZની મુલાકાત લીધી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ અદાણી વિલમાર કંપનીની મુલાકાત લઈ ઉત્પાદન અંગે વિશદ માહિતી પ્રાપ્ત કાર્યક્રમ માટે જરૂરી વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા સ્કીટ, સંગીત, વાદન, નૃત્ય અને ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

બીજા દિવસે અદાણી વેસ્ટ પોર્ટ તેમજ અદાણી પાવર લિમિટેડ કે જે ભારત નો પ્રાઈવેટ ઑનર બેઈઝ પ્રથમ અને એશિયા નો બીજા ક્રમે આવતો પાવર પ્લાન્ટ છે કે જે ૪૬૨૦ મેગા વૉટ પાર્વ પ્રોડક્શન ની ક્ષમતા ધરાવે છે તેની મુલાકાત લીધી હતી. વિદ્યુત ઉત્પાદનના બબ્બે પ્રકાર તેમજ તેના તમામ તબક્કાઓ બાબતે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન આપવા માં આવ્યુ હતુ.

આ વિઝિટ ને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટી, પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના હેડ ડૉ. જયેશ તન્ના, ડૉ. આશિષ ભુવા, પ્રો.જાનકી દવે, ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## ૧૫૦૦થી વધુ પ્રવાસીઓએ સરદાર સરોવર ડેમમાં બોટિંગનો આનંદ માણ્યો

કેવડિયા, તા.૨૭

સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ બાદ પ્રવાસીઓની આવક વધતી જાય છે. આ ૨૭ દિવસોમાં ૩ લાખ પ્રવસીઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી છે, ત્યારે પ્રવસીઓને આકર્ષવા તંત્ર વધુને વધુ સગવડો ઉભી કરવામાં આવી રહી છે. હવે પ્રવસીઓને આકર્ષવા માટે હવે હાઉસ બોટિંગ સુવિધા પણ શરૂ કરી દેવામાં આવી છે. નર્મદે હાર બોટિંગ રિસોર્ટ દ્વારા સરદાર સરોવરમાં બોટિંગ શરૂ કરી દેવાયું છે. વડોદરાના ડો.રાજેન્દ્રસિંહ રાઠોડ અને દુષ્યંતસિંહ પી રાઉલજી દ્વારા આ બોટિંગ શરૂ કરવામાં આવી. ૪ દિવસમાં ૧૫૦૦થી વધુ પ્રવાસીઓએ બોટિંગ કરી સરદાર સરોવરમાં ફરવાની મજા માણી છે. બે બોટ મુકવામાં આવી. એક બોટ ૧૦૦ પ્રવાસીઓની કેપેસીટી વાળી છે અને બીજી ૩૦ પ્રવાસીઓની કેપેસિટી વાળી છે. પ્રવાસીઓને આ બોટિંગ પોઈન્ટ પર જવા એ ફેમનાં ચેકિંગ પોઈન્ટ પર જવાનું રહેશે. જ્યાં નર્મદે હાર બોટિંગ રિસોર્ટ દ્વારા એક પોતાની બસ મુકવામાં આવી છે જે બોટિંગ પોઈન્ટ સુધી લઈ જશે. બોટિંગના ૨૫૦ રૂપિયા વ્યક્તિ દીઠ અને બાળકો, આર્મી મેન અને સિનિયર સિટીજન માટે ૧૦૦ રૂપિયા ટિકિટ રખાઈ. કરજણ ડેમના સરોવરમાં ૩ ટાપુને સાંકળી બોટિંગ શરૂ કરવાની મંજુરી અપાઈ છે. ટૂંક સમયમાં વિયરડેમ પાસે નર્મદા નદીમાં કેપ્સ્યુલબોટ અને વોટર બાઈક પણ શરૂ કરશે.

## વિદ્યાર્થીઓ વાહન લઈને જાય તો હવે શાળા સંચાલકને દંડ કરાશે !!

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રોડ સેફ્ટિ ઓથોરિટી એક્ટ ૨૦૧૮ અંતર્ગત અમદાવાદ ટ્રાફિક પોલીસ શહેરની શાળાના સંચાલકોને નોટિસ આપવાની કાર્યવાહી શરુ કરી છે. આ અંતર્ગત હવેથી અમદાવાદની શાળાઓમાં બાળકો વાહન લઈને જશે તો શાળાના સંચાલક પાસેથી રુપિયા ૫૦૦ થી ૨૫,૦૦૦ હજાર સુધીનો દંડ ટ્રાફિક પોલીસ દ્વારા વસુલવામાં આવશે. આ સંદર્ભે શહેરની મોટાભાગની તમામ શાળાઓમાં નોટિસ આપવાની પ્રક્રિયા શરુ કરવામાં આવી છે. મહત્વનું છે કે શૈક્ષણિક સંકુલમાં અભ્યાસ માટે આવતા સગીર વિદ્યાર્થી વાહન ચલાવી શકે નહીં તેવો નિયમ રોડ સેફ્ટિ એક્ટમાં છે. આ નિયમનું ઉલ્લંઘન થશે તો સંચાલકની જવાબદારી રહેશે અને નિયમનો ભંગ કરવા બદલ અને પોલીસના હુકમનુ પાલન થાય નહીં ત્યાં સુધી પ્રતિ દિવસ રૂા.૫૦૦ દંડ કરાશે. વધુમાં વધુ રૂા.૨૫ હજારની મર્યાદામાં આ દંડ કરવામાં આવશે. આ મામલે ટ્રાફિક વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી પાસેથી શહેરની તમામ શાળાઓની યાદી મંગાવીને તેના આધારે તમામને નોટિસ પાઠવવાની કામગીરી શરુ કરવામાં આવી છે. ફેબ્રુઆરીથી રોડ સેફ્ટિ એકટની અમલવારી શરૂ કરવામાં આવી છે ત્યારબાદ આ પ્રથમ વખત વિદ્યાર્થીઓ નિયમનો ભંગ કરે તો સ્કૂલ સંચાલકોને દંડ ભોગવવાનો વારો આવશે. જો કે, નિયમ ભંગની નોટિસ પછી સ્કૂલ સંચાલક પોતાનો પક્ષ પણ પોલીસ સમક્ષ રજૂ કરી શકશે. આ પછી દંડ વસૂલ કરાશે. રોડ સેફ્ટિ ઓથોરિટી એક્ટ મુજબ સ્કૂલ સંચાલોકને દંડ કરવાની સત્તા પોલીસ કમિશનર એ.કે.સિંઘ દ્વારા પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને તેનાથી ઉપરના પોલીસ અધિકારીઓને આપી છે.

## અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૩૮મો મણકો ॥**

આ કારણે એક તપાસ સમિતિ નિમાઈ, જેમાં બે નીલવર, બે સરકારના પ્રતિનિધિઓ, બે ધારાસભાના માણસો - ભારતીય - જે અંગ્રેજો હાથ ઊંચો કરે તો ઊંચો કરી દેતા તેમને અને એકની લઘુમતિથી ગાંધીજીને સ્થાન મળ્યું. પોતાની લઘુમતિ હતી તેમ છતાં સમિતિમાં તો પોતે રહ્યા જ અને સાથે સાથે તપાસનું કામ પણ ચાલુ જ રાખ્યું.



જેના કારણે ફરિયાદોની સંખ્યા ચાર હજારથી વધીને પચીસ હજાર સુધી પહોંચી ગઈ. આટલી બધી ફરિયાદો તપાસવી તો સમિતિ માટે શક્ય જ ન હતી. તેથી માત્ર પચીસ જ ફરિયાદો તપાસવાનું નક્કી થયું. મહાદેવભાઈ દેસાઈની ડાયરી નોંધે છે કે, 'તપાસ સમિતિએ છેવટે સર્વસંમતિથી નિર્ણય કર્યો કે તીન કઠિયાની વ્યવસ્થા ખતમ થવી જોઈએ.'

આમ કેમ બન્યું ? કારણ કે ગાંધીજીએ વિરોધ વ્યવસ્થાનો કર્યો, વ્યક્તિનો નહીં. અહીં પણ એમણે એ જ કર્યું જે દક્ષિણ આફ્રિકામાં કર્યું હતું, રોગનો સામનો કર્યો, રોગીનો નહીં.

સમસ્યા એટલી મોટી હતી કે આ નીલવરોએ પોતાની જેલો રાખી હતી, જેમાં તેઓ શ્રમિકોને પૂરતા. તેમને ચાબુકના ફટકા મારતા, તેમનાં ઝૂંપડાં બાળતાં. પણ તેમ છતાં આ અન્યાયી વ્યવસ્થા બંધ કરવાનો નિર્ણય લેવાયો અને એક દિવસ નીલવરોનેય ત્યાંથી ઉચાળા ભરીને જવું પડ્યું.

નીલવરો ગાંધીજીથી બહુ નારાજ હતા. એક નીલવરે તો એવુંય કહ્યું હતું કે, 'ગાંધી બહુ બીકણ છે. હંમેશા ટોળાંમાં જ હોય છે. એ મને એકલો મળે તો હું એને શૂટ કરું.'

એક રાત્રે એવું બન્યું કે સામાન્ય ક્રમ મુજબ ગાંધીજી સવારે ચાર વાગે ઊઠતા તેને બદલે ત્રણ વાગે ઊઠી ગયા. મહાદેવભાઈ દેસાઈને એમ થયું કે કંઈક કામ હશે, પણ પોતાને તો કહ્યું નહોતું તેથી એમ લાગ્યું કે મને પણ ન કહી શકાય એવું કામ છે. તેમણે જોયું કે દાતણ કરીને જોડાં પહેરીને ગાંધીજી તો બહાર નીકળી ગયા. એટલે દિલીપરાજાની પાછળ ગાય ચાલે તેમ ગાંધીજીનો આ પડછાયો પણ તેમની પાછળ નીકળી પડ્યો. ગામ વટાવીને બીજે ગામ ગાંધીજી પહોંચ્યા. અને એક હવેલીનું બારણું ખખડાવ્યું. ઉંઘમાંથી ઊઠનારે ગુસ્સાથી બારણું ખોલ્યું. ગાંધીજીએ પૂછ્યું, 'ભાઈ, તેં એવી પ્રતિજ્ઞા કરી છે કે હું તને એકલો મળું તો તું મને શૂટ કરે ?' 'હા. તમે ખેડૂતોને મદદ કરો છો ને અમને નુકસાન કરો છો પછી હું એવું કહું જ ને ?' 'સારું તો એ ખેડૂતો હજુ ઊઠ્યા નથી, એ પહેલાં જ હું તારી પાસે આવ્યો છું અને હું એકલો જ છું. તારે જે કરવું હોય તે કર.'

150 ગાંધીયાત્રા

ગાંધીજીએ જો દેશને કંઈ શીખવાડ્યું હોય તો તે આ છે - અભય, નિર્ભયતા. સ્વરાજ ને બીજી બધું જે કંઈ તેમણે કર્યું છે તેમાં આંશિક સત્ય છે. કારણ કે સ્વરાજ એકલા ગાંધીજીને લીધે નથી મળ્યું, અનેક કારણોને લીધે સ્વરાજ આપણને મળ્યું છે ને ગાંધીજીએ એવો દાવો પણ નથી કર્યો.

પણ મારા મતે ગાંધીજીએ શરૂઆત કરી હોય તો તે અભયથી કરી હતી, નિર્ભયતાથી કરી હતી. બિહારનો કિસાન જે નિર્ભયતા શીખ્યો તે પછી દેશ આખાએ શીખી. અભયના પાઠ વિના સ્વતંત્રતા કોઈ દેશને મળે નહીં, એટલે પહેલો પાઠ તે અભયનો, એવું ગાંધીજીએ શીખવ્યું.

દાંડીકૂચ કરવાની હતી તેની આગલી રાત્રે એટલે કે ૧૧ અને ૧૨ માર્ચ, ૧૯૩૦ની વચ્ચેની રાત છે. સાબરમતીનો આશ્રમ છે. મીરાબહેન, જે ગાંધીજીનાં અંગ્રેજ શિષ્યા, જેમણે પોતાની જિંદગીનાં પચીસ વર્ષો ગાંધીજી સાથે ગાળેલાં. આ મીરાંબહેન એટલે અંગ્રેજ સરકારના નૌકાસૈન્યના એડમિરલની દીકરી. તેમણે પોતાની આત્મકથામાં આ પ્રસંગ લખ્યો છે.

તે રાત્રે સાબરમતી આશ્રમનો એકેએક માણસ જાગતો હતો. બીજા દિવસે કૂચ લઈ જવાની હતી ને સરકાર બાપુની ચોક્કસ ધરપકડ કરશે એવી બીક સૌને હતી. પણ એ સૌની વચ્ચે એક જ માણસ શાંતિથી સૂઈ રહ્યો હતો અને તે હતો મોહનદાસ કરમચંદ ગાંધી !

સવારે ૬.૩૦ વાગ્યે નીકળવાનું નક્કી થયું હતું. ગાંધીજી નાહીધોઈને પરવાર્યા ત્યારે ૬ વાગ્યા હતા. તેથી તેમણે કહ્યું, 'હજુ તો અડધો કલાક બાકી છે. તો ચાલો હું ૨૯ મિનીટ નીંદર કાઢી લઉં.' લંડનમાં પણ ગોળમેજી પરિષદમાં ગયા ત્યારે પોતે રહેતા પશ્ચિમમાં, ગરીબ વિસ્તારમાં ને પરિષદ રહેતી પૂર્વમાં, શ્રીમંત વિસ્તારમાં. કારમાં આવતાં-જતાં એ ૨૦ મિનીટના રસ્તામાંય ૧૯ મિનીટ આરામથી ઊંઘ કાઢી લેતા. તેઓ જેટલી મિનીટ નક્કી કરે તેટલી મિનીટ ઊંઘી શકતા. જોકે, પાછળના વર્ષોમાં એવો કાબૂ નહોતો રહ્યો. જ્યારે બહુ હાઈ બ્લડપ્રેશર રહેતું હતું ત્યારે ઉજાગરા પણ કોઈક કોઈક વાર થઈ જતા'તા.

દાંડીકૂચ રવાના થવાની હતી તે અગાઉ જવાહરલાલ નહેરુ આશ્રમમાં આવી ગયા હતા. તેમણે ગાંધીજી સાથે વાત કરતાં યુનિફોર્મ વિશે પૂછ્યું. 'કૂચ કરવા જઈ રહ્યા છો તો તમે કોઈ યુનિફોર્મ નક્કી કર્યો છે ?' 'યુનિફોર્મ ? એના વિશે તો મેં વિચાર્યું જ નથી' ગાંધીજીએ કહ્યું. 'યુનિફોર્મ ન હોય તો માર્ચ (કૂચ) કેમ થાય ? તમે તો ઘૂંટણ સુધી પહોંચે એટલું ધોતિયું પણ નથી પહેરતા અને ઘણા લોકો ડગલો પહેરવાના છે' નહેરુએ દલિલ કરી. ગાંધીજીએ કહ્યું, 'એ ડગલો પણ ખાદીનો છે અને મારું ધોતિયું પણ ખાદીનું છે.' (ક્રમશઃ)



**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**